## જન્મદિને વધામણી



શારદાબેન ગુણવંતભાઈ પટેલ
મો. ૯૭૨૫૪ ૭૭૧૪૫



દિલીપભાઈ એસ દરજી
મો. ૯૧૭૩૩ ૦૪૧૦૮



તિથિ સુરેશકુમાર રત્નોત્તર



ભાર્ગવી શૈલેષકુમાર ઠાકોર
મો. ૯૬૮૭૪ ૮૩૦૪૮



ઋતિકા ઠાકોર
મો. ૮૧૪૦૯ ૮૧૫૩૨

# ‘સૅટરડે નાઈટ્સ’માં લોકડાયરો જામ્યો







પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમૅન્ટ્સના બૅનર તળે ‘સૅટરડે નાઈટ્સ’ના માધ્યમથી દર શનિવારે સ્વર્ણિમ પાર્કમાં કલારસિક નગરજનોને મફત મનોરંજન પૂરું પાડતા યુવાઓએ ૧૧ જૂને આ ક્રમમાં લોકડાયરાની રંગત જમાવી હતી. ઉલ્લેખનીય છે કે ‘સૅટરડે નાઈટ્સ’માં લગ્નેતર સંબંધો પર આધારિત નાટક ‘બેવફા સાજણ’ હપ્તાવાર ભજવાઈ રહ્યું છે. આ નાટકનો ત્રીજો તબક્કો ૧૧મીએ રજૂ કરવામાં આવ્યો હતો અને યુવા ગાયકોએ સુંદર ગીતો પણ રજૂ કર્યાં હતાં. ‘જવાબદારી’ની ભાવના સાથે પ્રસ્તુત આ કાર્યક્રમમાં યુવાઓ દ્વારા ઉપસ્થિત પ્રેક્ષકોને એક સુંદર માહિતી પણ આપવામાં આવી હતી અને તે હતી ‘બ્લડ બૅન્ક વૉટ્સઍપ’. ગાંધીનગર સમાચારના વાચકોને યાદ હશે કે નગરના પાંચ સેવાભાવી યુવાનોએ આ નામનું એક ગૃપ બનાવ્યું છે, જેના માધ્યમથી જરૂરિયાતમંદ દર્દીને જરૂરિયાતના સમયે રક્ત પૂરું પાડવાની સેવા આપવામાં આવે છે. આ ગૃપમાં ૨૫૦થી પણ વધુ રક્તદાતાઓ છે. ગૃપનો સંપર્ક કરવામાં આવતાં જ જરૂરિયાતમંદ વ્યક્તિને રક્ત એના સ્થળે પહોંચવાની વ્યવસ્થા થઈ જાય છે. આ આખીય વ્યવસ્થા તદન નિઃશુલ્ક આપવામાં આવે છે ને તે અમદાવાદ તથા ગાંધીનગરના નાગરિકો માટે ઉપલબ્ધ છે. આ પ્રકારની આ રકતદાતા ગૃપ અંગેની સઘળી માહિતી ‘સૅટરડે નાઈટ્સ’ના માધ્યમથી ઉજાગર કરવામાં આવી હતી, જેનો અનેક લોકોએ લાભ લીધો હતો.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હાઉસફૂલ ૩
૧.૦૦, ૪.૦૦,
૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
ટીન
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૩**
વૉરક્રાફ્ટ (૩ડી અંગ્રેજી)
૨.૩૦, ૭.૩૦
વૉરક્રાફ્ટ (૩ડી હિન્દી)
૫.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
હાઉસફૂલ-૩
૧૦.૦૦
દો લફ્ઝોં કી કહાની
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

# જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ



## સમદર્શન આશ્રમ, સે-૧, એમ.પી.ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ, સે-૧ તથા ગાંધીનગર એજયુકેશન ફાઉન્ડેશન, સે-૨૨નું સંયુક્ત સેવાકાર્ય

ગાંધીનગર, તા.૧૨

કોલવડાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ સમદર્શન આશ્રમ, સે-૧, એમ.પી.ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ, સે-૧ તથા ગાંધીનગર એજયુકેશન ફાઉન્ડેશન, સે-૨૨ના સહયોગથી કરવામાં આવ્યું હતું.

કોલવડા જિ. ગાંધીનગર ખાતે પ્રવેશોત્સવના દિવસે કોલવડા કન્યા શાળા નં. ૧ તથા કોલવડા પગાર કેન્દ્ર શાળા તથા કન્યા શાળા નં. ૨ ત્રણે શાળાઓમાં એકી સાથે બાળકોને સ્કૂલ બેગ, ચોપડા, બોલપેન, કલર, પેન્સિલ, કલર તથા અન્ય જરૂરી સામાનની વહેંચણી કરવામાં આવી હતી.

કોલવડા ગામના વેપારી શ્રી લાલભાઈ પટેલ, કોલવડા હાઈસ્કૂલના ટ્રસ્ટના મંત્રીશ્રી પ્રવિણભાઈ પટેલ તથા એમ.પી. ચૌધરી ટ્રસ્ટ ગાંધીનગરના શ્રી ડાહ્યાભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહી વિતરણ કાર્ય કર્યું હતું. ત્રણે પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓ, બાળકો તથા ગ્રામજનોની ઉપસ્થિતિમાં વિતરણ કરવામાં આવ્યું હતું. આર્થિક રીતે મુશ્કેલી અનુભવતા વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના મુખ ઉપર ઉલ્લાસ વ્યકત થતો જોવા મળ્યો હતો.

# ગજાનન સેવા સમિતિ દ્વારા ચોખાનું વિતરણ





ગાંધીનગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સુનોકમાં ૧૩૮ પૅકેટ ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સુનોખ ખાતે પાંચ ગામોનાં ૭૦ વૃધ્ધો તથા ખારી ગામમાં ૬ ગામોનાં ૬૮ જેટલાં વૃધ્ધાઓને ૩ કિગ્રા ચોખાનું વિતરણ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. બંને ગામોની શાળાઓની મુલાકાત પણ સંસ્થાના સભ્યો દ્વારા લેવામાં આવી હતી. આ સેવાકાર્યમાં મહેન્દ્રભાઈ ભાવસાર, દિનેશ પરમાર, મિલિન્દભાઈ જોડાયા હતા.

### કોલવડા ખાતે

# પ્રાથમિક વિદ્યામંદિર તથા કોમ્યુનિટી હોલનું ઉદ્‌ઘાટન

## સમારંભમાં દાતાઓનું સન્માન કરવામાં આવ્યું : શાળાના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના કોલવડા ગામની ચંચળબા પ્રતાપસિંહજી ગોબરભા વાઘેલા પ્રાથમિક વિદ્યામંદિર તથા માણેકબા મફતલાલ પટેલ કોમ્યુનિટી હોલનો ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ કે.કે. પટેલ વિદ્યાલય ખાતે ગુરૂવારે યોજાયો હતો. ઉદ્‌ઘાટન સમારોહમાં સંસ્થાના દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કે.કે. પટેલ કોલવડા કેળવણી મંડળના ટ્રસ્ટીઓ, પ્રમુખ, મંત્રી તથા હોદેદારો સહિત કે.કે. પટેલ વિદ્યાલયના આચાર્ય ભાવનાબા વાઘેલાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ ઉદ્‌ઘાટન સમારોહમાં પૂર્વ ડેપ્યુટી સરપંચ મનુભા પ્રતાપસિંહજી વાઘેલા સમારંભના અધ્યક્ષપદે ઉપસ્થિત રહ્યા હતા. સમારંભમાં મુખ્ય મહેમાન પદે ખાત્રજની આલ્ફા એન્જિનીયરીંગ કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી લક્ષ્મણભાઈ પટેલ, વિશિષ્ટ અતિથી પદે ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય અશોકભાઈ પટેલ તથા અતિથિ વિશેષમાં ઉદ્યોગપતિ અંબુસિંહ ગોલ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ, જિલ્લા પંચાયતના સદસ્ય સોનલબેન પટેલ, ગાંધીનગર મનપાના મેયર પ્રવિણભાઈ પટેલ, કોલવડાના પૂર્વ સરપંચ સોનલબા વાઘેલા, તેમજ આમંત્રિત મહેમાનોમાં જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી એસ.એમ. બારડ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એન.એમ. રાઠોડ, દાતા વિષ્ણુભાઈ પટેલ, કોલવડાના સરપંચ રમેશભાઈ પટેલ તથા તાલુકા પંચાયત સદસ્ય ગોવિંદજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે પ્રાર્થના સ્વાગતગીત રજૂ કરાયા હતા તથા દાતાઓનું સન્માન કરાયું હતું. કેળવણી મંડળના પ્રમુખ છત્રસિંહ વાઘેલા દ્વારા રૂપિયા ૨૧,૧૧,૧૧૧નું માતબર દાન આપનાર પ્રતાપસિંહ વાઘેલાના પરિવાર મનુભાઈ વાઘેલા, જગતસિંહ વાઘેલા, દશરથસિંહ વાઘેલા, અર્જુનસિંહ વાઘેલા, ઘનશ્યામસિંહ વાઘેલા તથા જયાબા દિલીપસિંહ રાઓલનું સ્મૃતિચિહ્ન તથા શાલ-પુષ્પ ગુચ્છ વડે સન્માન કરાયું હતું. આ સાથે કોમ્યુનિટી હોલના નિર્માણ માટે રૂપિયા ૧૧ લાખનું દાન આપનાર લક્ષ્મણભાઈ પટેલનું પણ સ્મૃતિચિહ્ન -શાલ - પુષ્પગુચ્છ વડે સન્માન મંત્રી પ્રવિણભાઈ પટેલના હસ્તે કરાયું હતું. આ ઉપરાંત અન્ય દાતાઓ રણછોડભાઈ પટેલ, પ્રવિણસિંહ વાઘેલા, ડાહ્યાભાઈ પટેલ તથા છત્રસિંહ વાઘેલાનું સન્માન કરાયું હતું.


આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યા હતા તેમજ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના સુપરવાઈઝર ચીનુભાઈ પટેલ તથા શિક્ષક નારાયણભાઈ પટેલે કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

# ઉમા સંસ્કાર તીર્થ : ચારસો કન્યાઓનું બીજું ઘર

ગાંધીનગર જીલ્લામાં સ્થિત ચંદ્રાલા ગામ ખાતે વિશાળ પરિસરમાં કાર્યરત ઉમિયા પરિવાર ચેરિટી ટ્રસ્ટના નેજા હેઠળ ઉમા સંસ્કાર તીર્થની વાત આજે કરવી છે.

આ સંસ્થાનાં સ્થાપક ભુરાભાઈ ખોડીદાસ પટેલ પોતાનાં શિક્ષણકાળમાં સ્કૂલ ફીનો એક આનો ભરી ન શકવાને કારણે ઉચ્ચ શિક્ષણ લઈ ન શકયા ને આ વસવસાએ ૧૯૮૨માં આ સંસ્થાનો પાયો નખાવ્યો, તેના દ્વારા ઉમા સંસ્કાર તીર્થનો ઉદય થયો. ભુરાભાઈનો મુળ ઉદેશ્ય પોતાના સમાજની વધુમાં વધુ કન્યાઓ શિક્ષિત થાય તે જોવાનો હતો. તેમને લાગ્યું કે કન્યાઓને પોતાનાં ગામથી દુર જઈને શિક્ષણ મેળવું અતિદુષ્કાર હોય છે કેમકે ત્યારે નિવાસ અને ભોજન વગેરેની મોટી ચિંતા રહે છે. અને તે બાબતને ધ્યાનમાં રાખીને કન્યાઓને ભણતર સાથે નિવાસ અને ભોજનની સમસ્યાજ ન રહે તે માટે છાત્રાલય સાથેના ઉમા સંસ્કાર તીર્થનો આરંભ કર્યો. અહીં ઉદેશ્ય માત્ર ભણતર જ નહીં પરંતુ સામાજીક સંસ્કાર આપવાનો પણ હતો અને નાણાંના કારણે તેનાથી વંચિત ન રહેવું પડે તેથી તેમણે ફી નું સ્તર પણ ખુબજ ઓછું રાખ્યું હતુ અને આજના સમયમાં પણ તેનું સ્તર અત્યંત ઓછું છે. કોઈ કેસમાં જરૂર જણાય તો તે પરિવારને ફી ચુકવણીમાં હપ્તા સુવિધા કરી આપવામાં આવે છે.

ભુરાભાઈએ પોતાના પટેલ સમાજની કન્યાઓ શિક્ષણથી વંચિત ન રહી જાય તેવા ઉમદા હેતુથી આરંભ કરેલ કામમાં અન્ય સમાજની કન્યાઓને માટે પણ પ્રવેશનાં દ્વાર ખુલ્લા રાખ્યા. જેથી આજે અન્ય સમાજ, જ્ઞાતિ, ધર્મની લગભગ ચારસો કન્યાઓ આ છાત્રાલયમાં અભ્યાસ કરે છે. આસપાસનાં ગામડામાંથી અભ્યાસ કરવા આવતી કન્યાઓને દરરોજ અપ-ડાઉનની સમસ્યા ન રહે તે હેતુથી જ છાત્રાવાસની સુવિધા ઉભી કરવામાં આવી અને આ સુવિધા માટે તેમના પાસેથી વધારાનો કોઈ જ ચાર્જ લેવામાં આવતો નથી. એટલે



આવો ચીલો ચાતરીએ
કુંતલ નિમાવત

કે ફીની રકમમાં તેમનો નિવાસ, ભોજન, ગણવેશ, પુસ્તકો, નોટબુકસ વગેરેનો ખર્ચ પણ સામેલ છે. છાત્રાલયમાં સવારે દૂધ સાથે ગરમ નાસ્તો, ભોજનમાં દાળ-ભાત, શાક, રોટલી, કઠોળના સંપુર્ણ ભોજન સાથે બપોરનાં સમયે ચા-નાસ્તો તથા રાત્રીનું સંપુર્ણ ભોજન આપવામાં આવે છે. ભોજન આદી માટે તેમનું પોતાનું એક સાથે ચારસો માણસો માટે તૈયાર થઈ શકે તેવું આધુનિક પ્રકારનું રસોડું પણ છે. આ સાથે દરેક કન્યાને સ્કૂલ ડ્રેસ, પુસ્તકો પણ આજ ફીમાં ઉપલબ્ધ કરાવાય છે. ટુંકમાં કન્યાએ ઘેરથી માત્ર પોતાનો અંગત જરૂરી સામાન લઈને જ આવવાનું રહે છે. છાત્રાલય નિવાસમાં પણ તેમને એક રૂમમાં ત્રણ કે ચાર કન્યાઓને રહેવાની વ્યવસ્થા સાથે પલંગ, ચાદર, તકિયા સહિત સંપર્ણ બિસ્તર પણ નિશુલ્ક આપવામાં આવે છે. નિવાસી કન્યાઓનાં કપડાં તથા તેમના ચાદર, તકિયા વગેરેની સફાઈ માટે પરિસરમાં જ લોન્ડ્રીની સુવિધા ઉભી કરાઈ છે.

શિક્ષણ સાથે સંસ્કારોના સિંચન માટે અભ્યાસ શરૂ થતાં પહેલાં મર્યાદિત સમયની પ્રાર્થના કરાવવામાં આવે છે અને તે સમયે જ રોજના મહત્વપુર્ણ તાજા સમાચારોનું વાંચન કરવામાં આવે છે. જેનો હેતુ વિદ્યાર્થીનીને દેશ-દુનિયાનું જ્ઞાન મળતું રહે એવો છે. આ ઉપરાંત વકતૃત્વ સ્પર્ધા, રાષ્ટ્રીય, ધાર્મિક તહેવારોની ઉજવણી તથા અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવે છે. આ કન્યાઓમાં શિસ્ત અને સમાનતાનો ભાવ જળવાઈ રહેતે હેતુથી તેમણે અહીં પોતાનાં ઘરનો નાસ્તો ,નાણાં કે મોબાઈલ રાખવાની મનાઈ છે. પોતાની દિકરીને મળવા માટે માતા- પિતાને મહિનામાં એક વાર મળવા માટે પૂરતો સમય આપવામાં આવે છે.

વધુ અભ્યાસ,જ્ઞાન કે વાંચન હેતું સંસ્થાની પોતાની લાયબ્રેરી પણ છે. આવા શિસ્ત અને સંસ્કારવાળા વાતાવરણમાં અભ્યાસ કરતી કન્યાઓ સરકારમાં કે ખાનગી ક્ષેત્રની કંપનીઓમાં ઉચ્ચ હોદ્દા પર નોકરી કરવા સહિત ડોકટર, એન્જીનિયરનાં સ્થાન પણ શોભાવીને સંસ્થાનું ગૌરવ વધારી રહી છે.

સંસ્થાનાં વિશાળ પરિસરમાં નર્સિંગ હોસ્ટેલ છે જેમાં માત્ર નર્સિંગનો અભ્યાસ કરતી કન્યાઓને જ પ્રવેશ આપવામાં આવે છે. અહીં નિવાસ કરતી કન્યાઓને તેમના અભ્યાસનાં સ્થળ પર આવન-જાવન માટે નિશુલ્ક બસની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે જે અતિ મહત્વનું અને પ્રસંશનિય પગલું છે. કન્યા શાળા, છાત્રાલય નર્સિંગ છાત્રાલય ધરાવતી આ સંસ્થામાં એક સમયે પીટીસી કોલેજ પણ કાર્યરત હતી. હાલમાં સંસ્થાની ઈચ્છા આયુર્વેદિક અને હોમિયોપેથી કોલેજ શરૂ કરવાની છે અને તે માટેનાં પ્રયત્નો જોરશોરથી ચાલુ પણ છે.

માત્ર પાંચ ચોપડી ભણેલ વ્યકિત આવું સર્જનાત્મક સપનું સેવે તેને પુર્ણ કરે તે સાથે સાબર ડેરી જેવી પ્રતિષ્ઠીત સંસ્થા,ખેડૂત સહકારી મંડળી, ખેડૂત સભા જેવી સંસ્થાઓની સ્થાપના કરે તે માટે તેઓને સો-સો સલામ. આ સંસ્થાઓનું સફળતાપુર્વક તથા અત્યંત યોગ્ય રીતે આજે પણ સંચાલન થવા સાથે-સાથે તેમાં સતત નવી પ્રવૃતિઓનો ઉમેરો થાય છે તેમાટે સંપુર્ણ રીતે સમર્પિત,કાર્યશીલ હાલની કમિટીની ટીમને યશ આપવો જ રહ્યો.

આ ટીમ આયુર્વેદિક તથા હોમિયોપેથી કોલેજ ચાલુ કરવાનાં પોતાનાં સપનાને પૂર્ણ કરીને તેનું સફળતાપુર્વક સંચાલન પણ કરશે જ તેવી શુભેચ્છાઓ સાથે આપણે તેમને હાર્દિક શુભેચ્છા પાઠવીએ.

(મુલાકાત-માહિતી : મુકેશ પંડ્યા)



# આહિર સમાજ દ્વારા ડિરેક્ટરી બનાવાશે

ગાંધીનગર, તા. ૧૨

આહિર યુવા ફોરમ દ્વારા ગાંધીનગરમાં વસતા આહિર સમાજના સભ્યોની વિગતો દર્શાવતી ડિરેક્ટરી તૈયાર કરવામાં આવી રહી છે, જેના માટે નિયત ફોર્મ ભરીને આગામી તારીખ ૩૦મી જૂન સુધીમાં મંઝિલ ન્યૂઝ કાર્યાલય, જી-૭, ગ્રાઉન્ડ ફ્લોર, સ્વસ્તિક કોમ્પલેક્સ, ૧૭-૨૨ પાસે, સૅક્ટર-૨૨, ગાંધીનગર ખાતે જમા કરાવવા મીડિયા સેલના હરેશ સિસારા દ્વારા અપીલ કરાઈ છે. આ અંગેની વધુ માહિતી માટે જયેશ આંબલિયાનો મો. નં. ૯૮૨૪૦ ૫૫૮૯૦ના માધ્યમથી સંપર્ક કરવા પણ તેમણે જણાવ્યું છે.

## વાચકોને આમંત્રણ

### ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

**‘મારા પ્રેમાળ પાડોશી’**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પાડોશીનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે